શ્રી.

મહારાજા સાતમા એડવર્ડનો

જન્મમહોત્સવ.

લખનાર

સ્વસ્થાન ડાકોરવાશી કવિ.

મહેતા અમૃતલાલ અનોપરામ ઉર્ફે

આફલાતુન

પ્રસિદ્ધ કરનાર.

શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીયા.

અમદાવાદ.

સત્યવિજય પ્રેસ

અર્પણપત્રિકા.

મહેરબાન નેકનામદાર એસ્કવાયર જે. ગોસલ સાહેબ. આઇ. સી. એસ. કલેકટર સાહેબ બહાદુર.

જીલ્લો ખેડા.

આપ નામદાર ઘણાજ બહોળા ને નામીચા ખાનદાન જગજાહેર કુટુંબના અત્રે પધારેલા છો અને આપની નિમણુક આ જીલ્લામાં થયા બાદ આપની સુકીર્તિ તથા નેક ન્યાય સાંભળી મને ઘણો આનંદ થયો છે. આપ પક્ષપાતરહીત ન્યાય આપોછો ને ખુશામતીયા તથા સ્વાર્થી અમલદારો તથા ગૃહસ્થોની શીફારસ ધ્યાનમાં નહિ લેતાં રાજ્યનું તથા પ્રજાનું હીત ચહાવછો. મહારાજા એડવર્ડ સરકારના નેક રાજ્યની સુવાસના જગતમાં વિખ્યાત છે. તથાપિ આ દેશના કેટલાક ગૃહસ્થો તથા અમલદારો મોટાઇમાં મિથ્યા દોરાઇ પોતાની વડાઇ બતાવવા પોતે વફાદાર છે. રાજ્યભક્ત છે વિગેરે બતાવી તથા બીજા રાજ્યવિરૂદ્ધ છે એવાં ચિન્હ બતાવી રાજા–પ્રજાની ઐકયતાનો ભંગ કરે છે તેથી ઉભયને દુઃખ થાય છે તથા પોતાના સ્વાર્થ અર્થે તેઓની તદબીરોથી દેશમાં અશાન્તિ ફેલાય છે ને આખા હિંદને ભય ધારણ કરાવે છે. એ બધું કાર્ય દેશીઓની ગેર વર્તણુંક છે.

પરંતુ ખરેખર રાજ્યવિરૂદ્ધી કોઇ નથી. સર્વે પ્રજા આ રાજ્યને ચહાય છે ને રાજાનું સદા સર્વદા શુભ-ઇચ્છે છે. રાજા એ પીતા યાને પરમેશ્વરતુલ્ય ગણાય છે ને પ્રજા તેનો અર્થ છોકરાં એમ છે ત્યારે છોકરાં તે પોતાના પીતા પાસે જે કઇ ઇન્સાફ અને વાદ્સો માગે તેમાં તે કાંઇ ખોટું કામ કરતા નથી તે વ્યાજબી દાદ કરનાર રાજ્ય વિરૂદ્ધના ગણાય. તો આવી ખરી બીના ઢંકી દેઇ દેશમા જે રાજ્યભક્ત હોઇ વફાદારી બતાવનારા અને તેથી જચ્યા તે તમામ રાજ્ય વિરોધી ન મનાય તે જણાવવા. તથા નામદાર મહારાજા એડવર્ડનું રાજ્ય કેટલું બધુ સુખકર છે તે દરશાવવા તા. ૨૫ મી જુન સને ૧૯૦૯ ના જન્મ મહોત્સવ પ્રસંગ પરત્વે લખાણ કરેલુ પણ ડાકોર મ્યુનિસીપાલિટીમા ઉપજ છતા તેમણે તેમ અન્ય ગૃહસ્થોએ સભા નહિ ભરેલી જેથી તે દિવસે કસ્બે ઉમરેઠમાં સભાનુ આમંત્રણ થવાથી તે સભામાં ભાષણ આપ્યુ તે હકીકત આપને તથા નામદાર ગવરમેંટમાં તથા પ્રજામાં અને મહારાણા એડવર્ડ સરકારને જાહેર થવા છપાવી આપને અર્પણ કરૂછુ. તે સ્વિકારશોજી એજ વિનતી તા. ૫ મી જુલાઇ સને ૧૯૦૯

લી. શેવક.

મહેતા. અમૃતલાલ અનોપરામ

ઉર્ફે આફલાતુન.

સ્વસ્થાન ડાકોર.

ભાષણ.

મારા માન્યવંતા સંહેબો, ગૃહસ્થો તેમ અમલદારો, ગરીબ, અમીર, અને સઘળી પ્રજાને આપણા મહારાજા ૭ મા એડવર્ડનો જન્મદીવસ તા. ૨૫ મી જુનને રોજ હોવાથી આવા શુભ પ્રસંગે બિરાજમાન થએલા જોઇ અત્યંત આનંદ વ્યાપી રહ્યો છે કે જે લખવાને કલમ અશક્ત છે તથાપિ બે બોલ મારી લઘુ બુદ્ધિ અનુસાર બોલવા રજા માગું છું અને તેની અંદર કંઇ દોષિત વાક્ય નીકળી જાય તો તે વિષે દર ગુજર કરી શેવકને આભારી કરશો.

જેમકે દીવાળી ઇદ વીવાહ વીગેરે પ્રસંગમાં અમુક વ્યક્તિઓને ખુશાલી ઉત્પન્ન થાય છે. પરંતુ સાતમા એડવર્ડ મહારાજાનો મહોત્સવ તેથી અધિક છે. અહીઆં સઘળા કોમના સદ્‌ગૃહસ્થો બિરાજમાન થએલા છે અને સર્વેના મુખ ઉપર સુખરૂપિ સૂર્યના કિરણોનો દેખાવ આવી રહ્યો છે એ સઘળો પ્રતાપ આપના માન્યવંતા ઇંગ્રેજ સરકારના નેક રાજ્યનો જ છે કે જેથી કરી આપણે સઘળાઓ ખુલ્લે દ્વારે નિર્ભેપણે દીન ગુજર કર્યાં કરીએ છીએ તે પ્રતાપ આપના ઇંગ્રેજ સરકારના રાજ્યનોજ છે. કારણ કે આગળ આપણા હિંદુસ્તાન ઉપર ઘણા મહારાજાઓ થઇ ગએલા છે પણ દેશના કમનસીબે તેઓએ ઘણા મહારાજાઓ તેમ પ્રજાને હિંદુસ્તાનમાં મહાદુઃખ દીધેલાં છે તે ઇતિહાસોમાં જાહેરાત છે જેથી કોઇ વિરલોજ માણસ અજાણમાં હશે ! વળી ધાડપાડુ લુટારાઓ વિગેરે દેશને અનેક પ્રકારના ત્રાસ આપનારાઓના ફંદામાંથી આ રાજ્યે આપણને મુક્ત કર્યાં છે તેમ કળા કૌશલ્ય કાયદા કાનુનોથી તેમ અનેક પ્રકારની કેળવણીઓ આપી આપણને સારી સ્થિતિમાં લાવવાના અનેક પ્રયાસો કર્યા છે તેમ અદ્યાપિ પર્યંત કર્યાં જાય છે તેથી આ રાજ્યને સઘળી પ્રજા જયજયકારના

અવાજથી વધાવે છે અને ઇશ્વર પાસે સદા સર્વદા પ્રાર્થના કરે છે કે નેક સલ્તનત અમારા ઉપર સદાકાળ અવિચળ રહેજો અને રાજ્યના શત્રુઓનો પ્રભુ ક્ષય કરજો.

બે બોલ.

હવે હું મારા વિચાર સભામાં બોલવા ક્ષમા માગું છું.

આજકાલ દેશમાં ઠેર ઠેર વફાદારીઓની સભાઓ સાભળી આશ્ચર્ય પામું છું કે શુ જ્યારે અમુક માણસોએ ભેગા થઇ વફાદારી બતાવી ત્યારે બાકીનો વર્ગ વફાદાર નહિ હશે અને જો કદી એમ હોય તો સભાઓમાં જુજજાજ કેળવણી પામેલાઓ ઘણે ભાગે સભાઓમા હાજર થાય છે અને પ્રજાનો ઘણો ભાગ પોતાના કારવ્યવહારના ધંધામાથી ફરસદ પણ પામતો નથી તેમ વફાદારી શાને કહે છે એનો અર્થ પણ પુરો સમજી શકતો નથી તો શુ તેને વફાદાર નથી એમ માનવું એ પણ વફાદાર છીએ એવું જણાવનારાની એક ભુલ જેવું જ છે કારણ કે રાજાને પ્રજા પોતાનાં બાલ બચ્ચાં જ છે અને તેનુ પાળી પોષી સરક્ષણ કરવું એ માબાપનો ધર્મ છે તેમ કસુર પ્રસગે મા બાપ પુત્રને સજા કરે તેથી પિતાને કઇ પોતાના પુત્રનો નાશ કરવો એ ઇરાદો કદી હોય જ નહિ ત્યારે શુ પ્રજા પોતાના દેશની યા પોતાના રાજાની વિરૂદ્ધ હોય જ નહિ એ સ્વાભાવિક છે હવે કોઇ કહેશે કે હાલ થોડા વખતથી બગાળા વિગેરે દેશોમાં ખોટી રીતની ચળવળો ચાલી રહી છે તેનું કારણ શું હશે. તો મારી બુદ્ધિઅનુસાર આપનાજ દેશી ન્યાયાધિશો તેમ મિથ્યા તેજ દેશીઓ પોતાની મોટમમા ગરીબ બિચારાઓને ના લાયક સમજનારાઓનુ જ કારણ છે કારણ કે અદ્યાપિ પર્યંત યુરોપીયનોએ ખોટો ન્યાય આપ્યો એવુ કઇ સાંભળવામાં આવ્યો નથી. પરતુ આપના કાળા આદમીઓજ દેશનાવતનીઓ છે તેથી અહિઆની રીતભાતે તેઓ સર્વે વાતે વાકેફગાર છે

તેમ તેઓ ન્યાયને પણ ભણી ડીગ્રીઓ મેળવી હોદ્દાએ રાજમાન થએલા છે જેથી હકુમતની ગરમીને લીધે તેમ નાના મોટાની બીહત તેમ સીફારસો–ખુશામતોને વશ થઈ તેઓ પક્ષપાતિ ન્યાય આપે છે તેનું જ કારણ છે પરંતુ તેથી કરી આપણે–પ્રજાએ રાજ્ય ખોટું છે એમ માનનારની હું એક મોટી ભૂલ માનુ છું અને દાખલો આપું છું. કે પાડાને લીધે પખાલને ડામ દેવા જેવું છે કારણ કે રાજ્ય તરફથી ન્યાયને ખાતર ગરીબ અમીર સરખા છે પણ કેટલાક સ્વાર્થીયાઓ દેશી અમલદારો એક બીજાની પક્ષપાતે ચઢે છે જેથી કરી ન્યાયને એબ લગાડનાર આપણે દેશી લોકો છીએ. યુરોપીયનો હમેશાં નિર્દોષ છે તેમ તેઓ આપણી રીતભાતથી અજાણ છે તેમને ગુંચવાડામાં નાખનાર આપણે જ છીએ યુરોપીયનોને હાથે ન્યાયવિરૂદ્ધ થાય તેનું કારણ દેશીઓ છે જેથી કરી સઘળી પ્રજાએ આપણાજ મિથ્યાભિમાનીઓને દોષવાન ગણવા વ્યાજબી છે અને રાજયની હમેશાં આબાદી અને સુખ શાન્તી ઇચ્છતા આવ્યા છીએ અને ઇચ્છીએ એજ આપની ફરજ છે અને રાજયના સુખેજ આપણે સુખી છીએ માટે પ્રભુ પાસે સઘળા મળી પ્રાર્થના કરીએ છીએ કે આ નેક રાજ્ય અંગ્રેજ સરકારનુ અવિચળ રહો અને દુખ દાળિદ્ર પરમાત્મા બેટમાં થી નિકાલ કરો. આપણે હમેશાં નેકથી વર્તવું અને પોતાની ભૂલો જયારે સમજી કબુલ કરીશું ત્યારેજ સુખ શાન્તી મેળવીશું ને આપણા હૃદયનો દીવાલ જાગ્રત થશે પણ જ્યાં સુધી આપણા દેશીભાઇઓને કમતી જાદા ગણી આપણી મોટમમાં જઇશું તેજ આપણને દુઃખરૂપી બીજ છે. લક્ષ્મી કોઇની થઇ નથી અને થશે નહિ. ગરીબનો અમીર ને અમીરના ગરીબ એમ ચડતી પડતી હમેશાં ચાલી આવે છે આપણે આપણા ઘરને કંઇ જાતની તેમ પોતાના ગામની અને પોતાના દેશની જયારે આપણે પોતેજ સુધરશું ત્યારેજ બીજાને પણ સુધારી શકીશું અને જયારે

બીજાને સુધારવાની લાયકાત આપણે પેદા કરીશું તે વખતે આપણી મુરાદો આપના રાજ્ય કર્તા આપો આપ પુરી પાડશે કારણ કે અકલ બાજાર વેચાતી મળતી નથી.

સ્વાભાવિક વલણ કેળવણીથી પ્રાપ્ત થાય છે અને તેનો દાખલો એક છે કે જ્યારે બુદ્ધિ જે ખીલે છે તે તેને ગામમાં ઘરમાં રાજ્યમાં સઘળી જગ્યાએ માનમુરતબો આપી આપોઆપ પ્રાપ્ત થાય છે માટે આપને સઘળા સદ્‌ગૃહસ્થોએ આપની ભિન્નભાવના દુર કરી સઘળાને આપસમાન સમજી એક સંપથી સુવિચારે રહી જેવી રીતે રાજાની સુખશાન્તી ઇચ્છતા આવ્યા છીએ તેવી રીતે ઇચ્છતા રહેવું એજ આપણો સ્વધર્મ છે.

પરંતુ આ ઉપરથી મારા સઘળા દેશી બંધુઓએ એમ પણ ન ધારવું કે સઘળા દેશી અમલદારો ખુશામતીયા અને પક્ષપાતી છે પણ અંદર કેટલાકો આજકાલ કેળવણીને લીધે હોદ્દાએ ચઢી ગએલા છે તેમાંજ મીથ્યાભિમાનીઓનાં બીજ સમાઇ રહેલાં છે પણ તેઓ સાહેબે ધ્યાનમાં રાખવું જોઇએ કે જેમકે આપણા મુંબઇ ઇલાકામાં મે. અમદાવાદના ડી. જડજ સાહેબ બહાદુર દયારામ ગીદુમલજી સાહેબ બહાદુર વિગેરેનાં જેવી રીતે ન્યાયપ્રકરણમાં આખો હિંદ વાહવાહ કરી રહ્યો છે તેવી રીતે ખરો ન્યાય આપવા તમામ દેશીભાઇઓએ ઉતારવું જોઇએ કે જેથી આપણે આખા દેશના એબને પાત્ર થઇએ છીએ તે થતાં અટકીએ અને આપણી સુકિર્તિથી આખું ઇગ્લાંડ ઇત્યાદી ગાજી રહે હવે દેશ કરવાવાળો એવો ન્યાય આપતાં દરેક અધિકારીઓએ લક્ષ આપવું એજ પોતાનો ખરો સ્વધર્મ છે. વળી આખા હિંદનું જીવન ખેતી ઉપર છે તે ખેતીનું સાધન ગાય બેલ ઉપર છે તો રાજા પ્રજા બન્નેએ ગાયોનું રક્ષણ કરવા તરફ લક્ષ્યને દોરવા મારી વિનંતિ છે

જેમાં આપણી ઉન્નતિ અને રાજા પ્રજાનું ઐક્ય જળવાવાનો ઉમદા માર્ગ છે. હવે હું કવિતા રૂપી આશીરવાદ તરીકે જે છંદો બાંધું છું તે તરફી લેખ અવશ્ય કરી ગુણદોષ ઉપર નીઘા નહી કરતાં સારમડણ કરી આભારી કરશો એવી આશા રાખું છું. ડી. ક. ૦.

શાર્દૂલવિક્રીડિત છંદ.

રે'જો રાજ સદા સુખી અવનિમાં યાવત્ રવીચંદ્રમા,
યાવત્ ભૂમિ અકાશ તારક ગણો તાવત્ પ્રભૂની કૃપા,
જામે સારવ ભોમ ચક્રવરતી ભૂગોળ ગોળાપરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૧
આપો દેવ સદા સુશાંતિહિરદે આશા ફળો એમની,
સૃષ્ટીમાં અતિશ્રેષ્ટ જેષ્ટનૃપતી કીર્તી વધો જેમની,
હોજો પુણ્ય પવિત્ર ન્યાય વરધી આ દીલ નેકીપરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૨
મોટા વાઇસરૉય શ્રી જનરલો ગંભીર ગવ્હરનરો,
આસિસ્ટંટ વળી કમીશ્નર શ્રી ડેપ્યુટી ને કલેકટરો;
મંત્રી આપતણા સદાસુખી રહો હિંદીપ્રજા ઉપરે,
મા'રાજા એડવર્ડ રાજ અવની જગ્દીશ વૃદ્ધિ કરે. ૩
માતોશ્રી એડવર્ડ આપજનુની ભારી દયાળું હતાં,
જેઓના પરતાપ આજ દુનિમાં આનંદ સંભારતાં;
આઇ એ ઉપકાર સ્વર્ગ વસજો વિક્ટોરિયા માતરે,
મા'રાજા એડવર્ડ રાજ અવની જગ્દીશ વૃદ્ધી કરે. ૪
લાખો ભૂપ થયા પછી ભુમિપરે દાતાર શરા ઘણા,

લાખો બાનુંથું થણિ રાણિ બણિયોરૂપે ગુણે નૈમણા;
તોપી શ્રીવિક્ટોરિયા શું મહિમાં જોડી નથી ભૂપરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૫
ચુમાળી સુખ વર્ષ રાજ્યચક્રવે હિંદે ન કોયે કર્યું,
દેશોદ્ધારક કામ શાન્ત નિવતી હિંદે ન કોયે બર્યું;
તોપી આ વડભાગિ રાણિ હિંદમાં સૌ કોઈ જેજે કરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૬
એવાં બ્રીટિશરાજ અમરતપો સંમૃદ્ધિ પામો ઘણી,
થાઓ પુજ્ય પ્રતાપ ન્યાય સહુને ધર્મી ધણીના ધણી;
હોજો ઉમ્મર કોડવર્ષ વિજયી ચોખંડખંડો તરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૭
માજી શ્રીમહાગણિ શાણિમલિકા પૃથ્વીમાં થાવી નથી,
જેવી આપ તણી ગુણાનું કિરતી બીજાની ગાવી નથી;
જેના પુણ્ય પવિત્ર રાજ્ય રતનો શાહેનશા હિંદરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૮
જેનુ આજ બધાય વર્ણન કરો આભાર માનો ઘણા,
લાખોની વિપતી નિવારિ નિરભે કીધાં ન રાખી મણા;
ઉગાર્યો અમદેશ તો ડુબી જતો ભૂલુ ન અેંસાનરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૯
ઇંગ્રેજો વડભાગી આજ સઘળે વિક્ટોરિયા પુણ્યથી,
પૃથ્વીમાં અતિ શ્રેષ્ટ રાજ રમૃધી આજે બિજીકો નથી;
હોસાંનો ખુશીનો પુકાર હુરરા ગર્જો કરી હેતરે,
મા'રાજા એડવર્ડ રાજઅવની જગ્દીશ વૃદ્ધી કરે. ૧૦

મનહર છંદ.

હાલમાં મશહૂર નૃપો એશિયા યુરોપમાંહી;
આફ્રિકા અમેરિકામાં જપાને જણાય છે,
આતમા એડવર્ડસમ અવનીમાં એકો નથી.
જેની આણદાણ ચાર ખૂટમાં વર્તાય છે;
બ્રિટિશ ગવર્નમંટ જગત સરાય બધું,
બલિહારી મહારાજા શ્રેષ્ટ સુચિરાય છે.
પાવન કરિયાં હિંદ પ્રથમ પગલાં કરી;
દિદાર દિધાથી આજ આભાર ગવાય છે, ૧
ચક્રવર્તી નૃપ આગે કેટલા નામના થયા:
તુતુડી સમાન તેનાં કામ તો જણાય છે,
રણજીત નોબતનાં નિશાન ગગડે બધે.
નોતમ કીરતી આજ નામતો ગવાય છે,
સઘળી મેદની માંહી જેજેકાર સાચો સદા,
નરપતી એમપરર એડવર્ડ રાય છે,
ગાબડનો ધાડો જાડો જશનો જાણણહાર,
રત્ન કોહીનૂર આપ તાજમાં ધરાવતા. ૨
કોઇ નૃપ કોહિનુર કરતાં આકારે મોટા;
રતન હીરાઓ હશે તાજમા ધરાવતા,
પણ કોહિનુર તોલે રતનતો કોઇ નથી.
સાદા હીરા સાથ નૃપ શ્રંગાર કરાવતા,
કોહિનુર ફક્ત આજ આપ કને તાજમાંહી,
ખચીત આપને અતિ શોભાઓ અપાવતા.
મસીહાનુમામી આપ કવી કહે ચીરંજીવો,
પ્રકાશિત પાડ સુધી ઉપમા સોહાવતા. ૩

હરિગીત છંદ.

અઢાર સો ઓગણીસની મે માસની ચોવીસમી,
મ્હારાણિજીનો જન્મ રૂડો થો હતો જગ અંન્નમી,
અઢારસે સાડત્રીશની તારિખ વીસ જુન જાણીએ,
બેઠાંતાં રાજની ગાદિએ ઇગ્લાંડની મહારાણિ એ. ૧
ઇસ્વીસને અઢારસે અઠાવનાના વર્ષમાં,
નવંબરની પે'લીએ હિંદુસ્તાન લીધું હર્ષમાં;
ઇમ્પ્રેસ કેસર હિંદનો અઢારસે સીત્તોતરે,
ધારણ કર્યો તો રાણિએ બધું હિંદ હર્ષે ઉભરે. ૨
તે પછી સાલ સત્યાસીમાં ખુશાલી જુબિલી તણી.
પાળ્યા હતા તે'વાર સર્વે આશાહુંશ રાખી ઘણી,
ઇમ્પ્રેસ ઑફ્‌ધિ ઇંડિયાને સ્વર્ગ સાંમેથાં થજો,
વિક્ટોરિયા મ્હારાણિજીનો વાસ વૈકુંઠે હજો. ૩

શિખરિણી છંદ.

કરીયે પ્રભાતે, દરશન નિતે આપ મુખનુ
સદા એવી આશા સુમરણુ કરે આપ સુખનું,
કરીયે નેકીથી પરસન તમોને પ્રભુ ગણી;
અમારી આ શાંતી અવિચળ કૃપાથી રહે બણી. ૧
પ્રણામ્યા આજાવો ઇછિતમન આશા પુરિ કરો,
હમારી જ્યાડમાં દિલ થકી હવે દુર ન કરો;
કછોરૂ જો છોરૂ તદપિ જગ માવીતર ભલાં,
તમો તો છો ત્રાતા રજસમ અમો તો તણુખલાં. ૨

૧૧

અમારી બોલ તે રજનિક્રમ અથીત ચળકે,
તમારાં આક્રમો મધ્ય દિવસનો સૂર્ય ભળકે,
તુલાએ શી રીતે લઘુપિપિલિકા કુંજર વડો.
કહાં કાંચમેં રંદ રજકણુકહાં પ્હાણુ ડુકડો. ૩
તમારા દાસોના ચરણુ રજ જેવા અમ નથી,
શિ રીતિ પામીએ બરબર સ્થિતી આ ઉપરથી,
તથાપી અજ્ઞાની શિશુપિતુક હઠ ધરતા,
અગાધિ શી રીતિ દર ગુજરે મારી લહિ શકે. ૪
યથાયોગ્ય શિક્ષા ભુમવર્વિપડે લાયક તકે,
પરંતુ આ કાળે ફક્ત ઇક આધાર કરશે,
દયાનિધી શ્રીઃ અમ્પરસઇંડિયા માફ કરશે. ૫
જયો ઇગ્લંદ ઇશા જયતિ બ્રિટિશો રાજ કરતા,
જયો હિંદોધારા જયતિ પવિત્રા દુઃખ હરતા,
જયો ચક્રાવર્તી જયતિ વડ વિક્ટોરિય સુતં,
જયો શ્રીઉ રૂપાઇઅમપરર ઑફ ગ્રેટબ્રિટનિકા. ૬

ભુજંગીછંદ.

સુણોને સભા સૌ તમે વાત મારી, ઘણું હર્ષ પામ્યાં નરો તેમ નારી,
રૂડું રાજ દેખી વળી જોઇ સુધારો, પ્રભુ રાયનેરાજ દેતું વધારો. ૧
પુરૂ તે પ્રજાનું પ્રભુ દુઃખ કાપ્યું, ભલે રાયજીને વળી રાજ આપ્યું;
અતિ એ થકી સુધર્યો જંનમારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૨
અતિ નેકીને રાજ રૂડુ કરે છે, વળી દેશની આડચણો સૌ હરે છે,
ઘણા સુખી દેખુજ લોકો હજારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૩

નિમ્યા નોકરો શું વિચારી અપાર, કરે કામ સાર વળી સૌથીસાર;
ખરી વાત કહુ છું નહી ખોટી ધારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૪
બહુ ભાગ્યશાળી દીસે પુણ્યવાન, નથી જગ્તમાં રાય એની સમાન;
કરે કામ કામો ઘણા ઉપકારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૫
પ્રજા લાભનું રે રૂડુ જ્ઞાન આપે, નિતિરે તણીતો ઘણી બુકછાપે;
જેહથી વદે લોક સાગ વિચારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૬
અમારે નથી દુખરે કાંઇ વાતે, સદાપામીએ સુખરે દીન રાતે;
સલાહ સપ છે દેશમાં વણુજ સારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૭
વળી ઇનસાફ બરોબર આપે, કરી કાયદેથી અતિ દુખ કાપે;
પ્રભુજી અમારો ગણો ના લગારે, પ્રભુરાયને રાજ દેતુ વધારો. ૮
સદાએ રૂડુ રાયનું રાજ ચહુછું, અતિ હું ઉમંગે વળી આજ કહુછુ;
અરે ઇશ આ વાત ઉરમાં ઉતારો, પ્રભુરાયને રાજ દેતું વધારો.
તમારી કૃપાથી બહુ કાર્ય પામે, વિનંતી અમારી બધ રાજ જામે,
વળી શત્રુ એના તમે તો સહારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૧૦
દયા સિંધુ દાનેશ્વરા દુખ હર્તા, સદા વિશ્વવ્યાપી રહ્યાછો નિયંતા,
કરે પ્રાર્થના દાસ અમૃત તારો, પ્રભુરાયને રાજ દેતું વધારો. ૧૧

વસંતતિલકાછંદ.

ઉત્સાહનો દિવસ આજ અમુલ્ય આવ્યો,
બ્રિટિશ રૈયતને મન પુર્ણ ભાવ્યો;
હે વિશ્વપાળ કરો રાજાનાં પુર્ણ કામો,
શાહજાદાનુ અમર રાજ્ય અખંડ જામો. ૧
પાળે પ્રજા પુર્ણ રીત સહીત ચાહી;
છે રાજાજી પ્રતિપાળક નેક ન્યાયી,
તુ તેમ પાળક પ્રભુજી વધાર હામો,

શાહજાદાનું અમરરાજ અખંડ જામો. ૨
વિદ્યાતણું પ્રબળ રૈયતમાં વધાર્યું,
ઉત્તેજનો અધિક આપી રૂદેજ ઠાર્યું.
શુનિતિએ ધણી રૈયત છે મઝામાં,
શાહજાદાનું અમરરાજ અખંડ જામો. ૩
રે વાત કે તનુજનો કરી ન્યાય નેકે,
રાખે સદા નજર રહેમ જાણી વિવેકે,
આશિષદે અધિક રૈયત ગામગામો,
શાહજાદાનું અમરરાજ અખંડ જામો ૫
રૈયત ખસુસી રક્ષણ લાભ માટે,
લે તસ્દી ખુબ ફરીને અતિશે ઉચાટે.
એવા કૃપાળા જનતણા હરી ત્રાસ વામો,
શાહજાદાનું અમરરાજ અખંડ જામો ૬
ભાનુ શશી જેમ તપે ગગને સુભાવે,
ત્યાં સુધી આ બ્રિટિશ રાજ્ય પ્રભુ તું નભાવે,
કાટીમરો વિરૂદ્ધ રાજા તણા હરામો,
શાહજાદાનું અમરરાજ અખંડ જામો ૭

હરિગિત છંદ.

એડવર્ડ મહારાજ જેછે માન તેથી ચોગણું,
હરિ આપજે કરૂણા કરી વળી કાપજે દુઃખ તેતણું.
એ માન આપે ચાહીને વિદ્વાનના સમાજને,
વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૧
ગુણિયલ ઘણાને કદરવાળા ઉર દયાળુ રાય છે,
પ્રેમિદિસે પ્રજાતણા શુભચિત્તમાં ચતુરાઇ છે,
શુભ મંડળીની શુભમતિથી સાચવે તે રાજને,

વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૨

અતિ દુનિયામાં દુષ્ટ દુશ્મન જે છે એના આ સમે,
અજ્ઞાનીઓ અધર્મ કરતા દુ:ખ દેતા બહુ ભમે;
કર નાશ તેનો હે પ્રભુ તું રાણીજીની લાજને,
વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૩

જશ વાધજો ઝઝો અને થાજો સફળ મન કામના,
રે'જો સદા સુખમાં અને કરજો અતિ શુભ નામના;
પ્રભુ રિદ્ધી સીદ્ધી અખુટ આપો બહુ વધારો તેજને,
વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૪

થાજો પ્રભુ પ્રસન્ન એનુ રાજ્ય સઘળે ચાલતું,
વિનતી સુણી પ્રભુ પાર લાવી રકનું દુ:ખ ટાળતું;
તુજ સહાયતાથી કુશળ છે તે કામમાં સમે આજને,
વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૫

પ્રેમે સુણી મુજ પ્રાર્થના પ્રભુ શત્રુનું બળ કાપજો,
પરિવાર વધજો પુર્ણ એનો અચળ ગાદી થાપજો;
અમૃત વદે બહુ વર્ષ સુધી રાજ રે'જો આજને,
વળી અદલ શુભ ઇન્સાફ આપે ધન્ય એના કાજને. ૬

દોહરો

ભલે પધાર્યાં પુરતણા, સદ્‌ગુરુરથો આવાર.
સમ્રાટ એડવર્ડરાયનો બોલો જયજયકાર,
ઘણ જીવો એડવર્ડ શ્રી, જે છે સુખદાતાર,
અચળ ગાદી આ ભોગવો વધો વંશ વિસ્તાર,
વિજય સર્વથા વાપજો, કરી દુશ્મન સંહાર.
આશિષ અમૃતલાલની સુણજો સરજનહાર,

એક ચિતે સૌ બોલજો પ્રેમથકી આવાર;
સપ્તમ એડ્વર્ડરાયનો બોલો જય જયકાર.

લૌકિક વાયકા—શાર્દુલવિક્રીડિત.

વૃથા દોષ ધરે શિરે બ્રિટિશને જે હિંદ ઉદ્ધાર છે,
જેના પુણ્ય પ્રતાપ કામ હિંદમાં સર્વોપરી ત્યાર છે,
ન્યાયી પ્રેમી દયાળુ સત્યવકતા નેકી પ્રભૂતાઇ છે;
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે. ૧
વિદ્યાજ્ઞાન ભણી થયાજ નોકરો લાયેક હુદ્દાપતી,
પામ્યા જ્યા પ્રભુતાપણાનિ પદવી ગર્વોક્તિ વાચા વધી;
સગ્જાત્રી ઉપિ વાત કાન ઉપરી જેને ન કુટ્ટાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે. ૨
લે છે આપ બધાં કને રૂશવનો માને છે શીફારસો,
કાઢે એક બીજાતણું નખોદ મુખથી ગોરાનરો કુજરો;
તોપિ દોષ દહે ગવર્નરજને ભારીજ ભુડાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ગણા ન્યાયી છે. ૩
વિદ્યામાં થઇ પાસ મોટી પરિખા ડીગ્રી વળી પામિયા,
આવ્યો અતર ગર્વ અંકુર વધી સાહેબ થઇ જામિયા;
તોપી દેશતણું બુરૂ કરધરી કામો બન્યા થાય છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે. ૪
ભમાંવી ઘણીરીત મુર્ખ જનને કપ્ટેથી ઉશ્કેરવા
કર્વો બંડ કૃપાળુ રાજ ઉપરે ધારે છે ભભેરવા;
ચાએ હાણુ ઘણાક શાશન સહે દાંશીજ હલ્કાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે. ૫
પત્રોકાર ઘણા લબાડ મુખથી વ્યાખ્યાન ઉધાં કરે,
ગૂડા ઉપર ઘાટ તર્ક ઘડીને અજ્ઞાનિ હૈડાં હરે;

આએ છે પરિણામ શ્રી તીલકને બેડી જડાવાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે. ૬
ક્રમિસોતણું ડોળરૂપ ધરતા અગ્રેસરો મેમ્બરો,
બીજાની ધનમાલ તાગડધિના કર્તા ફરે તશ્કરો.
ઇશ્કેરે ઉધિ રીત અધમુદને દેખીત બુરાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે ૭
અથો જે ઇંગ્લીશ ફ્રેન્ચ અરબી તેનાંજ ભાશાંત્તરો,
વાંચીને પરદેશિ પુસ્તક બધા થાઇ ગયા દાકતરો.
જેનાથી નિજરૂપ જાણુ પડિયું તેથીજ બુરાઇ છે,
કાળા લોક બિગાડ દેશ કરતા ગોરા ઘણા ન્યાઇ છે ૮
જો કે અગ્રશિરો યદી યુરપના આધિન હિંદે બધા,
કાળાના પરતાપ રાજ કરતા પામ્યા બડી સંપદા.
તે કાળા વિકરાળ ના કદી કરો ભાવે ભણો ભાઇ છે,
પાળો શ્રી પ્રતિમા પુરાહિત થઇ માર્ગે શિ શિદ્ધાઇ છે ૯
કાળામા અતિ મુલ્યવાન રતનો હાલેબિ હયાત છે,
કાળાની સદ્ વિદ્વતાની રચના પૃથ્વીમાં પ્રખ્યાત છે.
વિદ્યાજ્ઞાન ધનાદિ સત્ત્વ બળીને શું એવડા ચાલવું,
કહે છે અમૃતલાલ ખ્યાલ કરીને માગ્યુ મુને આલવું ૧૦

સવૈયા છંદ.

ડાકપુરી મુનિવાસિ દ્વિજો કુળ અમૃતલાલ અનોપમરામે
ગોસુખ કારણ દુખ નિવારણ ધારણ ઉર્ં અફલાતુન નામે,
શ્રીજગદીશ આશીશ થકી ગઉશાળા કરી શુભ ડાકોર ગામે,
પ્રેમ પ્રણામ કરૂ કર જોડી સહાય કરો પરમારથ કામે. ૧

નાઓને સુચના.

ાત ગોરક્ષકફંડની ગૌશાળ
ન (પાંજરાપોળ.)

આ ગૌશાળા સંવત છપનનાં દુકાળપ્રસંગ બિચારા નિરાધાર મ ઓને પડતા દુઃખ જોઇ ડાકોરના રહીશ અમૃતલાલ અનોપરા આ..લાતને ડાકોરમા સ્ટેસનપર જવાની સડકની દક્ષિણબાજુ ક ગૌશાળા સ્થાપી છે જેમા સેંકડો જથાબંધ જીવો, ગાય, વાછડા કુતરા, બકરા, મરઘડા કબુતર, ઇત્યાદિ જીવોનુ સંરક્ષણ થાય તેઓ પોતે તેની પૂર્ણ સંભાળ બરદાસ લે છે તથા યાત્રાળુ શ્રદ્ધાળુ ગૃહસ્થોની ઉદારતાથી તે કાર્ય ચલાવાય છે આ ટ નાર્ટના જડજ પદમજી સાહેબ બહાદુર ડાકોર પધાર્યા . મણે ગૌશાળાના સ્થાપક અમૃતલાલનુ કામ જીવોનાપર પૂર્ણ દયા બરદાસ જોઇ સર્ટીફીકેટ આપ્યુ છે તથા એ ઉદાર ગૃહસ્થે તેમ બીજા ગૃહસ્થે એ ધર્માદા રકમ આપી ટેકો આપ્યા છે આ પાંજરાપોળમા કાઇ પ રકમ લીધા સિવાય દુઃખી સુખી અપંગ જીવોને દાખલ કરી પાળવામ આવે છે માટે ધર્માત્માઓને ખાસ પુણ્ય કરવાનુ આ સ્થાન છે જીવો પુષ્કળ છે પણ મકાન બંધાએલ નથી તેથી ગૃહસ્થોએ તે પર લક્ષ લેવા જરૂરનુ છે ડાકોર ક્ષેત્રમા આ સંસ્થાની જરૂરી છે, "अहिंसापरमोधर्म" જીવોને બચાવવાનુ તે મોટામા મોટુ પુણ્ય છે એજ વિનંતી

લી.

શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીઆ.